# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૫૯ તા.૧૮-૨-૧૫

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય : 'અમદાવાદ સ્થાપના દિન' નિમિત્તે તમામ શાળાઓમાં 'અમદાવાદ ડે' ઉજવવા બાબત.

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે ૨૬મી જાન્યુઆરી 'અમદાવાદનો સ્થાપના દિવસ' છે. સ્કૂલ બોર્ડની શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોનાં માતા-પિતા કે વાલીને શિક્ષણનું મહત્ત્વ સમજાય અને બાળકો વધુ અભ્યાસ કરી પોતે પગભર થાય તેમજ પરિવારને સહાયભૂત થાય તેની સમજ કેળવવા 'અમદાવાદ ડે' ઉજવવાનું આયોજન કરેલ છે. આ દિવસે મ્યુનિ.સ્કૂલબોર્ડની શાળાઓમાં અભ્યાસ કરી હાલમાં ડૉક્ટર, વકીલ,શિક્ષક કે અન્ય ઉચ્ચ હોદ્દામાં કાર્યરત હોય તેવા પૂર્વ વિદ્યાર્થીઓનું સન્માન શાળા કક્ષાએ કરવાનું રહેશે. આ કાર્યક્રમના આયોજનમાં નીચે મુજબની બાબતોને ધ્યાનમાં લઈ તેનું ચૂસ્તપણે અમલ કરવાનું રહેશે.

- ૨૬મી ફેબ્રુઆરીના દિવસે શાળામાંથી ભણીને ગયેલા ઓછામાં ઓછા ૧૦ પૂર્વ વિદ્યાર્થીઓનું સન્માન કરવાનું રહેશે.
- પૂર્વ વિદ્યાર્થીઓમાં ડૉક્ટર, એન્જિનિયર, વકીલ, શિક્ષક, શિક્ષણશાસ્ત્રી, કેળવણીકાર, વ્યવસાયકાર જેવા જીવનમાં સફળ નીવડેલ મહાનુભાવોને બોલાવવાના રહેશે.
- તમારી શાળાની સ્થાપના થઈ ત્યારથી અત્યાર સુધીનો શાળાનો ઈતિહાસ, દાતાઓની વિગત,શાળામાં દાતાઓના નામની તક્તી હોય તો તેનો ફોટોગ્રાફ તથા અલગ કાગળમાં તક્તીનો ઉતારો, ઉચ્ચ હોદ્દા પર બિરાજમાન હોય કે નિવૃત્ત થયા હોય તેવા પૂર્વ વિદ્યાર્થીઓની યાદી, વિવિધ સ્પર્ધાઓમાં શાળા દ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય કામગીરીની વિગત દર્શાવતો પ્રોફાઈલ શાળા દ્વારા તૈયાર કરવાનો રહેશે. આ પ્રોફાઈલની એક નકલ શાળાએ બીટ સુપરવાઈઝરશ્રીને અચૂક મોકલી આપવાની રહેશે.
- શાળા પ્રોફાઈલમાં શાળાનો ઈતિહાસ દર્શાવવાનો રહેશે. શાળાના ઈતિહાસમાં શાળાની સ્થાપના વર્ષ-ક્યા દાતાના દ્વારા શાળા બિલ્ડીંગ આપવામાં આવ્યું, જે-તે વર્ષમાં આવેલ દાનની રકમ, ક્યાંક શાળાનો પ્રથમ માળ કોઈ એક દાતા દ્વારા અને બીજો માળ અન્ય કોઈ દાતા દ્વારા તૈયાર થયો હોય, વખતોવખત શાળાના નામાભિધાનમાં કે બિલ્ડીંગમાં થયેલ ફેરફારની જે-તે વર્ષના ઉલ્લેખ સાથેની માહિતી વગેરે વિગતો તેમજ અન્ય કોઈ વિશેષ માહિતી હોય તો તેની વિગત સ્પષ્ટ રીતે જણાવવી.
- શાળાનો ઈતિહાસ જાણવા અગાઉના નિવૃત્ત આચાર્યશ્રીઓ અથવા શાળા બિલ્ડીંગની આજુબાજુમાં વર્ષોથી રહેતા વયોવૃધ્ધ વ્યક્તિઓનો સંપર્ક કરી શકાય.
- આ કાર્યક્રમમાં શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સાંસ્કૃતિક કાર્યક્રમો જેવાકે અમદાવાદની ઝાંખી રજૂ કરતી કૃતિઓ, અમદાવાદની વિકાસ યાત્રા વિશે વક્તવ્ય, ગરબો, બેટી બચાવો કે સ્વચ્છતાના વિષય પર નાટક, ક્વીઝ, નૃત્ય, વેશભૂષા,દેશભક્તિગીત અમદાવાદ સંદર્ભે ગીત વગેરે રજૂ કરવાના રહેશે.
- સમગ્ર ફેબ્રુઆરી માસ દરમ્યાન પ્રાર્થના સંમેલનમાં શાળા સ્ટાફ દ્વારા અમદાવાદના જોવાલાયક સ્થળો, હેરીટેજ ઈમારતો વગેરેની માહિતી વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરવાની રહેશે.
- તા.૨૬-૨-૧૫ના રોજ સમગ્ર શાળા બિલ્ડીંગને લાઈટીંગ (સિરીજ)થી સજાવવું.
- આ કાર્યક્રમમાં શાળામાં અભ્યાસ કરતાં બાળકોના વાલીઓને બોલાવવાના રહેશે. તેમજ જે તે વોર્ડના ધારાસભ્યો, કાઉન્સિલરશ્રીઓ તથા દાતાઓને સમયસર આમંત્રણ આપવાના રહેશે.
- સમગ્ર કાર્યક્રમની ફોટોગ્રાફી કરાવવી અને કાર્યક્રમનો અહેવાલ ફોટોગ્રાફ સાથે પોતાના બીટ સુપર.શ્રીને અચૂક મોકલી આપવાનો રહેશે.
- બિલ્ડીંગમાં બેસતી તમામ શાળાઓના વિદ્યાર્થીઓની કુલ સંખ્યાને ધ્યાનમાં રાખીને ઓફિસ દ્વારા આ કાર્યક્રમના સુપેરે આયોજન માટેની ખર્ચની રકમ આપવાનું વિચારાધિન છે. આ રકમ એક બિલ્ડીંગમાં બેસતી શાળાઓના મુ.શિક્ષકશ્રીઓ પૈકી કાર્યક્રમના સંયોજક તરીકે નિયુક્ત થયેલ મુ.શિક્ષકશ્રીના ખાતામાં જમા કરવામાં આવશે. કાર્યક્રમના આયોજનમાં આગળ વધવાનું રાખવું.

- સંયોજક મુ.શિક્ષકશ્રીએ પરિપત્રમાં દર્શાવેલ રૂપરેખા મુજબ કાર્યક્રમનું આયોજન બિલ્ડીંગમાં બેસતી શાળાઓના તમામ મુ.શિક્ષકશ્રીઓ સાથે બેસીને કરવાનું રહેશે.
- **અમદાવાદ** ડેના દિવસે વાલીઓને બોલાવવાના હોવાથી તા.૨૦-૩-૧૫ના રોજ વાલી સંમેલન કરવાનું રહેતું નથી. તે સંમેલન માટે ફાળવેલ રકમ અમદાવાદ ડે ના દિવસે ખર્ચવાની રહેશે.
- ૨૬મી ફેબ્રુઆરીના દિવસે 'અમદાવાદ ડે' ઉજવવા માટેના કાર્યક્રમની રૂપરેખા નીચે મુજબ રહેશે.

| | |
|---|---|
| ૧) પ્રાર્થના | ૫ મિનિટ |
| ૨) સ્વાગત પ્રવચન | ૩ મિનિટ |
| ૩) સ્વાગત વિધિ | ૪ મિનિટ |
| ૪) સાંસ્કૃતિક કાર્યક્રમ | ૫૦ મિનિટ |
| ૫) પૂર્વ વિદ્યાર્થી સન્માન | ૧૦ મિનિટ |
| ૬) અધ્યક્ષશ્રીનું પ્રવચન | ૫ મિનિટ |
| ૭) આભારવિધિ | ૩ મિનિટ |

તા.૧૮-૨-૧૫

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
અમદાવાદ

પરિપત્ર નં. ૧૬૦ તા.૧૮-૨-૧૫

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ. શાળાઓને જણાવવાનું કે અમદાવાદ શહેર સહિત સમગ્ર ગુજરાત રાજયમાં સ્વાઈન ફ્લુનો રોગચાળો ફાટી નીકળેલ છે. સ્વાઈન ફ્લુ રોગચાળાને નિયંત્રણ માટે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન તથા રાજ્ય સરકાર અનેકવિધ તકેદારીના પગલાં લઈ રહે છે. મ્યુનિ. સ્કૂલ બોર્ડમાં અભ્યાસ કરતા બાળકો સ્વાઈન ફ્લુના રોગચાળા સામે રક્ષણ મેળવી શકે, તે માટે જાગૃતિ અંગે આ સાથે પત્રિકાઓ અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના આરોગ્ય વિભાગ દ્વારા મોકલેલ છે. જે દરેક દરેક વિદ્યાર્થીને પોતાના ઘરે લઈ જવા માટે આપવાની છે.

આ ઉપરાંત નિદાન અને સારવાર માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પત્રિકામાં બીજા પાના પર દર્શાવેલ હૉસ્પિટલ, શહેરી આરોગ્ય કેન્દ્રોનો સંપર્ક કરવા અંગેનાં સ્થળો દર્શાવેલ છે. તેનો સંપર્ક કરવા સમજૂતિ આપવી.

સ્વાઈન ફ્લુના રોગચાળાને નિયંત્રિત કરવા માટેના (ફોર્મ-બી) સર્વે ફોર્મ પણ આ સાથે વિદ્યાર્થીદીઠ મોકલવામાં આવ્યા છે. આ સર્વે ફોર્મ વિદ્યાર્થીને ભરવા આપી બીજા દિવસે પરત શાળામાં લાવે તે માટે સૂચના આપવી. આવા એકત્ર થયેલા ફોર્મ શાળામાંથી શાળાવાઈઝ બંડલ બનાવી ઝોન ઓફિસે મોકલી આપવા તેમજ જે-તે ઘરના સર્વે દરમ્યાન કોઈપણ તાવ, શરદી કે ખાંસીના લક્ષણો જણાય તો અર્બન હેલ્થ સેન્ટરનો સંપર્ક કરવા જણાવવું.

આ અંગે વિશેષ માહિતી માટે નજીકના પબ્લિક હેલ્થ સેન્ટરનો સંપર્ક કરવો.

તા.૧૮-૨-૧૫

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
અમદાવાદ